સત્યમેવ જયતે

**ડૉ. રાજીવ કુમાર ગુપ્તા** IAS
અધિક મુખ્ય સચિવ
અને
વહીવટી સંચાલક – સ.સ.ન.નિ.લિ

નં.
ગુજરાત સરકાર
**વન અને પર્યાવરણ વિભાગ**
બ્લોક નં. ૧૪, ૮મો માળ, સરદાર ભવન,
સચિવાલય, ગાંધીનગર - ૩૮૨ ૦૧૦
ફોન : +૯૧-૭૯-૨૩૨૫૧૦૫૧, ૨૩૨૫૧૦૫૩
E-mail : secfed@gujarat.gov.in


તા.૧૯/૧૧/૨૦૨૦

**નોંધઃ**

અમદાવાદ શહેરમાં કોરોના સંક્રમણને નિયંત્રણ કરવા માટે છેલ્લા ૪૮ કલાકમાં માનનીય મુખ્ય મંત્રીશ્રી અને માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રી દ્વારા સતત માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે. દિવાળીના તહેવારો લોકોએ આનંદથી ઉજવ્યા છે. ખરીદી માટે બજારોમાં ખૂબ જ ભીડ જોવા મળેલ છે. હરવા-ફરવાની જગ્યાઓમાં પણ ખૂબ મોટી સંખ્યામાં લોકો ગયેલ છે. શિયાળાની ઋતુનો પ્રારંભ થયો છે. આ બધા કારણોસર કોરોના સંક્રમણ વધુ ના ફેલાય તે માટે માનનીય મુખ્ય મંત્રીશ્રીના માર્ગદર્શન હેઠળ અમદાવાદ શહેર માટે ખૂબજ અગત્યના નિર્ણયો આજે કરવામાં આવેલ છે.

(૧) અસારવા સિવીલ કેમ્પસમાં આવેલ કેન્સર હોસ્પિટલ અને કિડની હોસ્પિટલમાં કુલ મળીને ૪૦૦ વધુ પથારીઓ ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે. તદુપરાંત સોલા સિવીલ હોસ્પિટલમાં વધુ ૪૦૦ પથારીઓની વ્યવસ્થા કરવામાં આવેલ છે. આ સિવાય અમદાવાદ શહેરના ગાંધીનગરના નજીક આવેલ વિસ્તારો જેવા કે, સાબરમતી, ચાંદખેડા, મોટેરા વિગેરે માટે ગાંધીનગર સિવીલ હોસ્પિટલમાં પણ ૧૦૦ વધુ પથારીઓની વ્યવસ્થા કરવાનું આયોજન છે. સબબ અમદાવાદ શહેર માટે સરકારી હોસ્પિટલોમાં કુલ- ૯૦૦ વધુ પથારીઓ આજથી જ ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે.

(૨) અમદાવાદ શહેરમાં આવેલ જુદી જુદી ખાનગી હોસ્પિટલોમાં પણ વધુ ૪૦૦ પથારીઓની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

(૩) હાલ અમદાવાદ શહેરમાં સરકારી હોસ્પિટલોમાં ૨૨૩૭ અને ખાનગી હોસ્પિટલોમાં ૪૦૦ પથારીઓ એમ કુલ ૨૬૩૭ પથારીઓ ખાલી છે. આમ કોરોના દર્દીઓ માટે અમદાવાદ શહેરમાં પુરતી સંખ્યામાં પથારીઓ ઉપલબ્ધ છે.

(૪) શહેરમાં કોરોનાની સારવાર માટે વિવિધ સેવાઓ પુરી પડાઈ રહી છે. કોરોનાના દર્દીઓને હોસ્પિટલાઈઝેશન માટે સેવા પૂરી પાડતી ૧૦૮ ઈમરજન્સી સર્વિસની હયાત ૨૦ એમ્બ્યુલન્સ ઉપરાંત ૨૦ વધારાની એમ્બ્યુલન્સની વ્યવસ્થા કરવામાં આવી રહી છે.

(૫) રાજ્ય સરકાર દ્વારા અમદાવાદ શહેર માટે વધુ ૩૦૦ ડૉક્ટર અને ૩૦૦ મેડિકલ સ્ટુડન્ટની ફાળવણી આજે કરવામાં આવી રહી છે.




Generated by CyberLink U Scanner

(૬) **ઉપરાંત સંપૂર્ણ વ્યવસ્થા સાથે કોરોના સંક્રમણ વધુ ન ફેલાય તે માટે અગમચેતીના ભાગરૂપે પગલાંઓ લેવાની જરૂર જણાય છે, એટલે અમદાવાદ શહેરમાં આવતી કાલે તા.૨૦ નવેમ્બર, ૨૦૨૦થી દરરોજ રાત્રે ૯ વાગ્યાથી સવારે ૬ વાગ્યા સુધીનો કર્ફ્યુ બીજી સૂચના ન થાય ત્યાં સુધી અમલમાં રહેશે.**

(૭) માન. મુખ્યમંત્રીશ્રી તથા માન. નાયબ મુખ્યમંત્રીશ્રી ઉચ્ચ અધિકારીશ્રીઓ સાથે મિટીંગો કરી સતત માર્ગદર્શન આપી રહેલ છે. રાજ્ય સરકાર અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન આવનાર કોઈપણ પરિસ્થિતિને પહોંચી વળવા અને ભૂતકાળથી પણ વધુ વ્યાપક વ્યવસ્થા કરવા તથા શહેરીજનોની સેવા માટે કટીબધ્ધ છે.

(૮) તદુપરાંત સોશિયલ ડિસ્ટન્સીંગ અને માસ્ક પહેરવાની કડક અમલવારીની ઝુંબેશ આજથી જ શરૂ કરવામાં આવી રહી છે. જેમાં સહયોગ આપવા અને અફવાઓથી દૂર રહેવા શહેરીજનોને આથી અપીલ કરવામાં આવે છે.

(ડૉ. રાજીવ કુમાર ગુપ્તા IAS)

મ્યુનિસિપલ કમિશનરશ્રી, અમદાવાદ

ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરશ્રી (તમામ)

Generated by CyberLink U Scanner